નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને આધિન મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી દ્વિતીય ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા બાબત .

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: **WCDD/ICD/CourtCase/23/2023/0505/Legal Cell**

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધા :</u>

1. નામ. ગુજરાત હાઈકોર્ટના **MCA/351/2023 in SCA/4381/2020**ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ના રોજનું ઓરલ જજમેન્ટ.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો હુકમ ક્રમાંક:**Wcdd/dra/e-file/23/2022/0724/b1** , તા.૦૭/૦૭/૨૦૨૨
3. નિયામકશ્રી આઈસીડીએસ કચેરી ખાતે મળેલ દ્વિતીય ઉપધો મંજુરી મળેલ સમિતીની કાર્યવાહી નોંધ.

<u>//હુકમ//</u>

વંચાણે લીધા (૧) પરના નામ. ગુજરાત હાઈકોર્ટના ઓરલ જજમેન્ટથી નીચેના કોષ્ટક મુજબના કુલ:૦૨ પીટીશનરોને તેઓની મુખ્યસેવિકાઓની સેવામાં ૨૪ વર્ષે પૂર્ણ કર્યા તારીખથી દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં આપવા નિર્દેશ કરેલ છે. વંચાણે લીધા (૨) અને (૩)થી નીચે મુજબનાકુલ:૦૨ પીટીશનરોનું મુખ્યસેવિકાઓને પાત્રતાની તારીખથી દ્વિતીય ઉ.પ.ધો. મંજુર કરેલ છે. નામ. ગુજરાત હાઈકોર્ટની અવમાનના ન થાય એ માટે નીચે મુજબના કુલ:૦૨ પીટીશનરોને ચુકાદા અનુસાર દ્વિતીય ઉચ્ચતર પગારધોરણ આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિગતોએ તત્કાલીન મુખ્યસેવિકાનું દ્વીતીય ઉચ્ચતર પગાર મંજૂર કરવામાં આવે છે:

૨/ - નીચે મુજબના કુલ:૦૨ પીટીશનરોને મુખ્યસેવિકાની સેવામાં પાત્રતા તારીખથી દ્વીતીય ઉચ્ચતર પગારધોરણછઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં નીચેની વિગતો અનુસાર મંજૂર કરવામાં આવે છે આ મંજૂરી વિભાગ દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટના **MCA/351/2023 in SCA/4381/2020**ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ના ચુકાદા સામે વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | મુખ્ય સેવિકા/ સીડીપીઓનું નામ | મુળ નિમણૂકની તારીખ | પ્રથમ ઉપધોની પાત્રતા તારીખ | મળવાપાત્ર દ્વિતીય ઉપધોની પાત્રતા તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૭ | ૮ |
| ૦૧ | સુશ્રી વિનોદબાળા બી.રાવલ | ૦૬-૧૨-૮૫ | ૦૬-૧૨-૯૪ | ૦૬-૧૨-૦૯ | આમુખ-૨ |
| ૦૨ | સુશ્રી મોહિનીબેન કે.બ્રહ્મભટ્ટ | ૧૫-૧૧-૮૮ | ૧૫-૧૧-૯૭ | ૧૫-૧૧-૧૨ | આમુખ-3 |

૩/- ઉક્ત કર્મચારી/અધિકારીઓનું દ્વીતીય ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતો અનુસાર મંજુર કરવામાં આવે છે:

1. દ્વિતીય ઉ.પ.ધો.ની પાત્રતાની તારીખથી છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે.
2. આ મંજૂરી નામ. ગુજરાત હાઈકોર્ટના **MCA/351/2023 in SCA/4381/2020**ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ના ચુકાદાની સામે વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.
3. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
4. નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઈ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે.

૪/- વડી કચેરીએ તેમજ સંબંધિત જિલ્લા કચેરીએનામ. ગુજરાત હાઈકોર્ટના **MCA/351/2023 in SCA/4381/2020**ના કેસમાં આપેલ ચુકાદા અનુસાર આનુષાંગિક લાભો નિયત સમયમર્યાદામાં પુરા પાડવા આગળની કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૧/૦૪/૨૦૨૩ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.04.27
17:02:08 +05:30

(જે. આઈ. લેઉવા)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.સુરેંદ્રનગર/ખેડા.
4. મુખ્ય સરકારી વકીલશ્રીની કચેરી, નામ.ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
5. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ. સુરેંદ્રનગર/ખેડા.
6. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ૧૭-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.સુરેંદ્રનગર/ખેડા.
8. સબંધિત મુખ્યસેવિકા/સીડીપીઓ (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી, ............)
9. શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.04.27
17:02:08 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign